સેક્ટર-૫માં રહેતા મહિલા નાયબ સેકશન ઓફિસરનું રહસ્યમય મોત

સચિવાલયના મહેસૂલ વિભાગમાં ફરજ બજાવતા પ્રિયમવદાબેન શાહનો મૃતદેહ તેમના ઘરેથી વિકૃત હાલતમાં મળી આવતા ચકચાર : આકસ્મિત મોત થયું હોવાનું પોલીસનું અનુમાન

ગાંધીનગર, તા.૯

સચિવાલયના મહેસુલ વિભાગમાં નાયબ સેકશન ઓફિસર તરીકે ફરજ બજાવતા ન્યિમવદાબેન શાહનું રહસ્યમય સંજોગોમાં મોત નીપજયું છે. પોલીસે આજે સેક્ટર-૫ સ્થિત તેમના બંધ નિવાસ્થાનમાંથી તેમનો મૃતદેહ વિકૃત હાલતમાં બહાર કાઢી મોતનું ચોક્કસ કારણ બહાર લાવવા પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. બંધ મકાનમાંથી તીવ્ર દુર્ગંધ -સરતા પડોશીએ આ મામલે સે-૭ પોલીસને જાણ કરી હતી. જેના અંતે સમગ્ર મામલો -કાશમાં આવ્યો હતો. અપરિણીત મહિલા અધિકારીના રહસ્યમય મોતથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

ગાંધીનગર શહેરના સે-૫ બી પ્લોટ નં. ૧૫૩૩/૧ ખાતે રહેતા ન્યિમવદાબેન મોહનલાલ શાહ અપરિણીત હોવાથી એકલવાયું જીવન ગાળતા હતા. તેઓ સચિવાલયના મહેસુલ વિભાગમાં નાયબ સેકશન ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. છેલ્લે બે દિવસ પૂર્વે તેમના પડોશીઓએ ન્યિમવદાબેનને દૂધ લઈને પોતાના ઘરે જતા જોયા હતા. ત્યાર બાદ તેમના નિવાસ્થાને કોઈ હિલચાલ જોવા મળી ન હતી. દરમિયાન ગઈ કાલે મોડી સાંજથી તેમના ઘરમાંથી તીવ્ર દુર્ગંધ આવતા પડોશીઓમાં અનેક તર્ક વિતર્ક ઉદ્‌ભવ્યા હતા. આખરે આજે સવારે પડોશીઓ દ્વારા આ મામલે સે-૭ પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ મથકેથી પી.એસ.આઈ બોડાણા તેમની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. અને તપાસ કરતા મકાનનો દરવાજો અંદરથી બંધ હોવાનું માલુમ પડ્યું હતું. ધાબેથી મકાનમાં ઉતારીને પોલીસે અંદર -વેશ કરીને તપાસ કરતા ઉર્ગંધયુક્ત માહોલ વચ્ચે મકાનના એક રૂમમાં ન્યિમવદાબેનનો મૃતદેહ વિકૃત હાલતમાં પાડ્યો હતો. આકરી ગરમી અને બફારાના લીધે મૃતદેહ સડીને ફોગાઈ ગયેલી હાલતમાં હતો. બીજી તરફ રસોડાના પ્લેટફોર્મ પર સળગતા ગેસ પર ઉકળતી દુધની તપેલી પણ કાળી મેશ થઈ ગઈ હતી. આ સ્થિતિ જોઈને પોલીસ પણ બે ઘડી હત-ભ બની ગઈ હતી. ન્યિમવદાબેનના રહસ્યમય મોતથી પાસપડોશમાં પણ ચકચાર મચી જવા પામી હતી. સે-૭ પોલીસે તેમનો મૃતદેહ પી.એમ અર્થે ખસેડી અકસ્માતે મોતનો ગુનો નોંધી આ મામલે ડાણપૂર્વક તપાસ હાથ ધરી છે. જો કે મકાનનો દરવાજો અંદરથી બંધ હોવાની સાથે સ્થળ સ્થિતિના નિરીક્ષણ બાદ મહિલા અધિકારીનું મોત આકસ્મિક સંજોગોમાં થયું હોવાનું પોલીસ અનુમાન લગાવી રહી છે.

જૈન સોશીયલ ગ્રુપ દ્વારા તેના ૩૩માં સ્થાપના દિને ટાઉનહોલમાં કાર્યક્રમ યોજાઈ ગયો. (તસવીર : કશ્યપ નિમાવત)

જૈન સોશ્યલ ગૃપ દ્વારા ગાંધીનગર દર્પણ પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું

સંસ્થાની ૩૩ મી વર્ષગાંઠ નિમિત્તે શહેરની વિવિધ ૧૨૫ સંસ્થાઓની માહિતીને આવરી લેવાઈ

ગાંધીનગર, તા. ૯

શહેરની સ્થાપના સમયથી ગાંધીનગરમાં સેવા આપતી સંસ્થાઓની માહિતી પુરી પાડતી પુસ્તિકાનું વિમોચન કાર્યક્રમ યોજાયો હતો. જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા ૩૩મી વર્ષગાંઠ નિમિત્તે પુસ્તિકા વિમોચન કરાઈ હતી. આ પુસ્તિકાનું ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જૈન સોશ્યલ ગૃપની ૩૩મી વર્ષગાંઠ નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગૃપ દ્વારા ગાંધીનગર શહેરમાં સેવાકીયકાર્ય કરતી ૧૨૫ વિવિધ સંસ્થાઓની માહિતી પુરી પાડતી ગાંધીનગર દર્પણ પુસ્તિકાનું વિમોચન ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાના વરદ્‌હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માર્ગ અને મકાન વિભાગના સચિવ પી.એન. જૈન, પ્રમુખ જ્યોતિબેન બૂચ અને પૂર્વ પ્રમુખ આર.ડી. ગાંધી ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કૃષ્ણકાન્ત જહાએ જૈન સોશ્યલ ગૃપની કાર્યશૈલીને બિરદાવતા જણાવ્યુ ંહતું કે ગાંધીનગરમાં કાર્ય કરતી ૧૨૫ જેટલી સંસ્થાઓની પરિચય આપવાનું કાર્ય કર્યુ ંછે. આ સમયમાં એક કુટુંબમાં બે ભાઈ રહી શકતા નથી ત્યાં નગરની ૧૨૫ સંસ્થાઓને એક છત્ર નીચે લાવવાનું બિરૂદ જૈન સોશ્યલ ગૃપના ફાળે જાય છે. તેમજ તેમને નગરની અન્ય સંસ્થાઓની કાર્યશૈલીને બિરદાવી હતી. હાલના સમયમાં સૌ કોઈ પોતાનું વિચારે છે ત્યારે શહેરની સંસ્થાઓ અન્યનું વિચારે છે. તેમજ તેમને કહ્યું હતું કે આ નગર એક કલા રસિક નગર છે. ત્યારે આવનાર સમયમાં સંસ્કારોથી શણગારવાનું છે. ત્યારે આ સંસ્થાઓ તેના પાયામાં છે.

આ કાર્યક્રમમાં જૈન સોશ્યલ ગૃપે નગરની સંસ્થાઓને રૂ. ૩૩,૩૩૩ ની રકમ દાન આપવાની જાહેરાત કરી હતી. સંસ્થાના સ્થાપક પ્રમુખ સૂર્યકાન્ત મહેતાનું લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ રાજ્યના ખ્યાતનામ ગાયક ડૉ. કમલેશ અવસ્થીએ સ્વ. મુકેશના ગીતોથી ઉપસ્થિત નાગરિકોને રસ તરબોળ કર્યા હતા.

આ પ્રસંગે ગાંધીનગરના અરૂણ બૂચ, બ્રહ્માકુમારીના કૈલાશદીદી, જૈન સમાજના આગેવાનો, નગરની ૧૨૫ સંસ્થાઓના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં જૈન જ્ઞાતિબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા.

જીવદયાપ્રેમીએ વાંદરાને કુતરાની ચુંગાલમાંથી છોડાવી સારવાર કરાવી

ગાંધીનગર, તા.૯

માણસા મુખ્ય માર્ગ ઉપરના ગ્રામ ભારતી ગામે એક વાંદરો અચાનક કુતરાની ઝપટે ચડી જતાં કુતરાએ ભરેલા બચકાંઓથી વાંદરો લોહી લુહાણ થઈ ગયો હતો. જેને એક જીવદયા પ્રેમીએ બચાવી લઈ યોગ્ય સારવાર

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

આપી છોડી મુકયો હતો.

બનાવની વિગત એવી છે કે ગ્રામ ભારતી ગામમાં વાંદરો કેરીના ગોટલાની લાલચમાં ઝાડ ઉપરથી નીચે ઉતરી ગોટલો લેવા જતો હતો દરમિયાન જ એક ડાઘીયા કુતરાએ વાંદરાને પાછળથી દબોચી લીધો હતો. વાંદરાની ભારે ચીસાચીસ વચ્ચે લોહી લુહાણ હાલત નજરે પડતાં જ એક નવયુવાન દોડી આવી વાંદરાને કુતરાની ચુંગાલમાંથી છોડાવી પ્રાથમિક દવા કરી પોતાના બાઈક ઉપર પાંજરા જેવું બનાવી વાંદરાને તેમાં બેસાડી સારવાર અર્થે ગાંધીનગર લઈ આવ્યો હતો. વાંદરાને બે ત્રણ ફેકચર અને ઈજાઓ થઈ હતી જેની સારવાર પશુચિકિત્સકે કરી હતી અને આ જીવદયા પ્રેમીએ આ વાંદરાને બે દિવસના અંતે યોગ્ય જગ્યાએ આઝાદ કરી દીધો હતો. પોતાનું નામ ન આપી પરમાર્થે સેવા કરી હોવાનો આત્મવિશ્વાસ છલકાતો હતો અને માનવીય અભિગમ અપનાવ્યો હોવાનું જણાવ્યું હતું.

રાયપુર બ્રિજ પાસે ગમખ્વાર અકસ્માત ૪ વ્યક્તિઓને કાળ ભરખી ગયો

લોડીંગ રીક્ષા અને કપચી ભરેલા ડમ્પર ધડાકાભેર સામસામે અથડાયા : એકનું ઘટના સ્થળે જ્યારે ત્રણનું હોસ્પિટલ લઇ જતા રસ્તામાં મૃત્યું : ડમ્પર મુકીને આરોપી ડ્રાઇવર ફરાર

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર નજીકના દહેગામ હાઈવે પરથી કપચી ભરેલું ડમ્પર બેફામ ગતિએ પસાર થઈ રહ્યું હતું ત્યારે અમદાવાદ થી દહેગામ તરફ જઈ રહેલી લોડીગ રીક્ષાને રાયપુર બ્રીજ પાસે ડમ્પરે આગળથી ધડાકા સાથે ટક્કર મારતા રીક્ષામાં બેસેલા ચારેય વ્યક્તિઓના કમકમાટીભર્યા મોત નીપજય હતા. માતેલા સાંઢની માફક યમરાજ બનીને આવેલા ડમ્પરની રીક્ષાને ટક્કર લાગતા લોડીગ રીક્ષામાં બેસેલા ચારેય વ્યક્તિઓને કાળ ભરખી ગયો હતો અને સમગ્ર પંથકમાં અરેરાટી મચી જવા પામી હતી. અકસ્માતમાં એકનું ઘટનાસ્થળે જ -ણપંખેરું ઉડી ગયું હતું. જયારે અન્ય ત્રણ વ્યક્તિઓને સારવાર માટે અમદાવાદ લઈ જવાઈ રહ્યા હતા તે વખતે મૃત્યુ થયું હોવાનું જાણવા મળ્યું છે. ડભોડા પોલીસે ડમ્પર મુકીને ફરાર થઈ ગયેલા ચાલક સામે ગુનો દાખલ કરીને તેને પકડી પાડવા તજવીજ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદમાં રહેતા બટાકાના વેપારી ૩૫ વર્ષીય અમિતકુમાર સિંધી તેમના માણસોને લઈને લોડીગ રીક્ષામાં બટાકા લેવા અમદાવાદથી દહેગામ જઈ રહ્યા હતા. ગઈ કાલે સમી સાંજે તેઓ બટાકા લેવા જઈ રહ્યા હતા તે દરમિયાન દહેગામ તરફથી આવી રહેલા કપચી ભરેલા ડમ્પર સાથે તેમની રીક્ષા ધડાકાભેર અથડાઈ હતી. સામસામે ટક્કર લાગતા રીક્ષાનો ફુરચો થઈ ગયો હતો અને ડમ્પર સાથે રીક્ષા ભીડાઈ ગઈ હતી. ડભોડા પોલીસને ઘટનાની જાણ થતા અન્ય બે ટ્રકોની મદદથી રીક્ષા અને ડમ્પર અલગ પાડવામાં આવ્યા હતા અને અંદર ચગદાઈ ગયેલા શેઠ અમિતકુમાર સિંધીનો પણ મૃતદેહ બહાર કાઢ્યો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરીને બોલાવાતા તેની ટીમ પણ આવી ગઈ હતી અને તબક્કાવાર એક-એક ઈજાગ્રસ્તને અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જયાં ગંભીર રીતે ઘવાયેલા તે ત્રણેયનું પણ -ણપંખેરું ઉડી ગયું હતું. ૪૦ વર્ષીય વરદારામ ઉકાજી રાંગી, ૩૫ વર્ષીય -વિણજી ધનાજી ઠાકોર અને ૩૫ વર્ષીય ધનરાજ સંતરામદાસ સાધવાની તથા શેઠ અમિતકુમાર મળીને લોડીગ રીક્ષામાં સવાર ચારેય વ્યક્તિઓના કરુણ મૃત્યુ નીપજય હતા. અકસ્માત બાદ ડમ્પર મુકીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયેલા ડ્રાઈવર સામે ડભોડા પોલીસે ગુનો નોંધી તેની શોધખોળ આરંભી છે.

ઉભરાતી ગટરોની સમસ્યા ડામવા સેક્ટરોમાં નવી ગટર લાઈનો નંખાશે

સેક્ટર-૨૧, ૨૨ અને ૨૪ ઉપરાંત આદીવાડામાં નવી લાઈન નાંખવાનું કામ હાથ ધરાશે : આ કામગીરી પાછળ ૨૨ લાખનો ખર્ચ થશે

ગાંધીનગર, તા. ૯

શહેરના સેક્ટરોમાં છેલ્લા ઘણા સમયથી ગટરો ઉભરાવાની સમસ્યા આમ નાગરિકો માટે શિરદર્દ સામાન બની છે. શહેરની વસ્તી અને વિકાસ મુજબ પાણીની જેમ ગટર લાઈન પણ અપગ્રેડ કરવાનો સમય પાકી ગયો છે. મેનપાવર અને સાધન સામગ્રીના અભાવે તંત્ર માટે પણ આ સમસ્યાઓ નિવારવાનું કામ મુશ્કેલ બન્યું છે. જુના સેક્ટરોમાં આ સ્થિતિને ધ્યાને લઈ નવી ગટર લાઈનો નાંખવા ટૂંકમાં કામ હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજીત રૂ.૨૨ લાખ નો ખર્ચ થશે.

ગાંધીનગરમાં છેલ્લા ઘણા સમયથી ગટરો ઉભરાવવાની સમસ્યા પેચીદી બની છે. શહેરના સેક્ટરોમાં છાસવારે ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો ઠવા પામી છે. સેક્ટરની શેરીઓમાં ઉભરાતા ગટરના દુષિત પાણીના લીધે ગંદકી ખદબદતી હોવાનો કકળાટ પણ -વર્તે છે. એક બાજુ આ સમસ્યાને ડામવા તંત્ર પાસે પર્યાઙ્ગ મેનપાવર તેમજ જરૂરી અદ્યતન સાધનો નો અભાવ વર્તાય રહ્યું છે. બીજી તરફ શહેરની વધતી વસ્તી અને વિકાસ મુજબ ગટર લાઈનની ક્ષમતા વધારી નવીનીકરણ હાથ ધરવાની પણ અનિવાર્યતા ઉભી થઈ છે. શહેરના જુના સેક્ટરો સે-૨૧, ૨૨, અને સે-૨૪ માં વસ્તી વધવાની સાથે ગટરની સમસ્યા વધુ ગંભીર બની છે. આ સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા આ વિસ્તારમાં નવી ગટર લાઈન નાંખવાની કામગીરીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ત્રણેય જુના સેક્ટરો ઉપરાંત આદીવાડા ગામમાં પણ નવી ગટર લાઈનો નાંખવામાં આવશે. આ કામગીરી પાછળ રૂ.૨૨ લાખનો ખર્ચ થશે. આ કાર્યયોજનાને અનુલક્ષી ટેન્ડર -ક્રિયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે ટૂંકમાં નવી લાઈન નાંખવાનું કામ શરુ કરી દેવાશે. આ કામગીરી બાદ આ સેક્ટરોમાં છાસવારે ઉદ્‌ભવતી ગટરો ઉભરાવવાની સમસ્યાનો અંત આવશે. આ કાર્યયોજના બાદ બીજા તબક્કામાં શહેરના અન્ય સેક્ટરોમાં પણ ગટર લાઈન અપગ્રેડ કરવા વિચારણા હાથ ધરવામાં આવી છે. નવા સેક્ટરોમાં પણ ગટરો ઉભરાવવાની સમસ્યા ડામવા થોડા સમય પહેલા કામ હાથ ધરાયું હતું.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪
સૂર્યાસ્ત : ૭.૨૩

તાપમાન

મહત્તમ : ૪૨.૩ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૦ ટકા ● સાંજે ૨૨ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હોલીડે : ૨.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
હોલીડે : ૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧.૩૦, ૫.૦૦, ૮.૧૫
: સ્ક્રીન-૪ :
હોલીડે : ૧૦.૦૦ (મોર્નિંગ)
સીટીલાઈટ્સ : ૧.૩૦
હીરોપંતી : ૧૦.૦૦
ફિલ્મીસ્તાન : ૪.૧૫, ૬.૪૫
: સ્ક્રીન-૫ :
હોલીડે : ૧૦.૦૦, ૫.૦૦, ૮.૧૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
એક્સ-મેન(૩-ડી, હિન્દી) : ૧૦.૧૫,૧.૧૫,૪.૧૫,૭.૧૫,૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
હીરોપંતી : ૯.૦૦, ૧૨.૦૦
કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૩.૦૦, ૫.૩૦, ૧૦.૫૫
ગોડજીલા ૩-ડી (હિન્દી) : ૮.૦૦
: સ્ક્રીન-૩ :
કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૧૦.૩૦
હીરોપંતી : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
સીટીલાઈટ્સ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હોલીડે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
હોલીડે : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧.૦૦, ૭.૦૦
હીરોપંતી : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

આપની આજ

મેષ : ભાગ્યવર્ધક રાજકીયક્ષેત્રે પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

વૃષભ : ભૂમિ રક્ષા પ્રતિરક્ષા સંબંધી વિવાદિત પ્રકરણોમાં ચિંતનનો યોગ બની રહ્યો છે. ખાનપાનમાં કાળજી રાખવી. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થવાની વિશેષ સંભાવના. રાજય તરફથી વિશેષ લાભ. આવકના સ્ત્રોતોથી લાભ પ્રાપ્તિ.

મિથુન : વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે. કલાત્મક ક્ષેત્રથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

કર્ક : પદ- પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધઈ શોધપૂર્ણ કાર્યોનો વિશેષ યોગ બની રહ્યો છે.

સિંહ : આર્થિક ઉન્નતિ થશે. આત્મવિશ્વાસમાં વધારો થશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર- વિર્મશ થઈ શકે છે.

કન્યા : કોર્ટ- કચેરીના મુદ્દે સાવચેતી રાખવી. ખાનપાનનું ધ્યાન રાખવું. મિત્ર, સંતાન પક્ષ સંબંધી સમસ્યાઓની લગતી બાબતોમાં યાત્રા અને ખર્ચ થશે.

તુલા : રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્ત્રોમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. રોગ નિવારણાર્થે કાર્યો માટે યાત્રા પ્રવાસ થઈ શકશે.

વૃશ્ચિક : રોજગારીના નવા રસ્તાઓ પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્ર દ્વારા નોકરીમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

ધન : આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે. સુખ, સુવિધા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહીં.

મકર : આપને વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક ક્ષેત્રમાં વિશેષ યોગ બની રહ્યો છે.

કુંભ : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. ગૂઢ, ધાર્મિક, કુટુંબમાં માંગલિક, આધ્યાત્મિક કાર્યો થઈ શકશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

મીન : વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બનશે.

ચિરવિદાય

- સ્વ. ભરતકુમાર કેશવલાલ પંડ્યા (ઉ.વ. ૫૩) મુ.પો. લીંબોદરા, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. મંગૂબેન ઉદાજી રાઠોડ (ઉ.વ. ૭૫) મુ.પો. આલમપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જવાબેન સોકાભાઈ રબારી (ઉ.વ. ૭૦) મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રૂબીબેન ભગતસિંહ દુદાણી (ઉ.વ. ૪૦) પ્લોટ નં. ૩૫૬/એ-૨, સેક્ટર-૧૨/સી, ગાંધીનગર.
- સ્વ. માલાજી રૂઘનાથજી વાઘેલા (ઉ.વ. ૮૦) ઘર નં. ૫૨૮, ઈન્દિરાનગર છાપરાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.